

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*સંતો-મહંતો પણ સત્તા-મોહમાં કેદ હોય છે!*
*પ્રભુ રહે પરિસરમાં શ્રદ્ધામાં છેદ હોય છે!*
*ખેદ રહી ખૂણામાં થઈ જાય સોદાબાજી -*
*સત્તા પાસે સૌનાં, સામ-દામ અને ભેદ હોય છે...*

### હાઈકુ

*મારી ગૂલાંટ !*
*ને થયા 'સજીવન' -*
*ને છોડ્યું 'પણ'*

*શોધે છે પ્રભુ !*
*કેટલે દૂર હજી*
*મામાનું ઘર ?!*

## ચિંતન

*સુવિધા મંત્ર ભૈષ જયસ્ત્રીરત્નં દુષ્કુલાદપિ ।*
*ગૃહણીયાત્ સુપ્રયત્નેન માનમુત્સૃજય સાધક: ॥*

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**જેને પોતાના કાર્ય અને ક્ષેત્રમાં પ્રગતિ સાથે સફળતા મેળવવાની અદમ્ય ઈચ્છા હોય, તેમણે અભિમાન છોડીને પણ એક સોનેરી સલાનો સ્વીકાર કરી લેવો એટલું જ નહીં આ સલાહ સદૈવ હૃદયમાં કોતરીને રાખવી.**

**ઉત્તમ વિદ્યાભ્યાસની તક, આધ્યાત્મિક શક્તિ માટે મંત્ર, અને ઉપયોગી દવા કે ઉપચારની પદ્ધતિ તથા સુંદર કન્યા પત્ની તરીકે આપવામાં આવતી હોય ત્યારે આપનાર વ્યક્તિ નીચ કુળનો છે કે અન્ય સ્વભાવ જોયા વિના પણ બાબતોનો તાત્કાલિક સ્વીકાર કરવો જોઈએ.**

**દાનમાં કંઈ મળતું હોય તો એમાં દોષ ન જોવાય. દાતાના ખરાબ સ્વભાવને પણ અવગણવો જોઈએ.**

## સુવિચાર

- કોઈ રિવાજના એટલા કટ્ટર પક્ષપાતી ન બનો, કે સત્યનું બલિદાન આપીને તેની પૂજા કરવા લાગો - **ઈમર્સન**
- શ્રેષ્ઠ માટે આશાવાદી બનો પણ અતિશય ખરાબ માટે પોતાની જાતને તૈયાર રાખો - **અંગ્રેજી કહેવત**
- જે નિશ્ચિત (લાભ) ને છોડીને અનિશ્ચિત (લાભ) ની પાછળ દોડે છે તેનો નિશ્ચિત લાભ નાશ પામે છે અને અનિશ્ચિત તો પહેલેથી જ નાશ પામેલું હોય છે - **હિતોપદેશ**
- સંબંધોને શોધવા લાગણીનો ઉજાસ જોઈએ, અહમ્નો અંધકાર નહીં - **જીવન પાથેય**
- હવેની આવનારી પેઢીઓ પાસે કલ્પનામાં ન આવે એટલી ભૌતિક સુવિધાઓ હશે.પરંતુ એની કિંમત માટે એમણે મનની શાંતિ ગીરવે મૂકી હશે - **એસ. ભટ્ટાચાર્ય**
- રસ્તે રસ્તે શઠ ઊભા છે, મંદિર, મસ્જિદ, મઠ ઊભા છે - **હેમેન શાહ**
- આજનું ઔષધ : ચોખાને પાણીમાં લસોટી તેમાં મરી પાઉડર ઉમેરી તે પેસ્ટ કપાળ પર લગાવવાથી માથાનો દુ:ખાવો મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

શ્રી વલ્લભાચાર્ય પાસે એક ભાવિક આવ્યો તેણે કહ્યું, 'આચાર્યજી મારું મન ખૂબ વ્યાકુળ રહે છે. વિચારો એટલા બધા આવે છે કે રોકાતા જ નથી. મારે મનને વશ કરવા શું કરવું ?' વલ્લભાચાર્યે કહ્યું, 'મનને મનથી જીતો.' ભાવિકે કહ્યું, 'મને ખબર ન પડી કે મનને મનથી જીતવું એટલે શું? જરા વિસ્તારથી સમજાવો અને મારી પાસે મન એક જ હોય ને!! તો પછી મનને મનથી કેવી રીતે જીતાય ?' વલ્લભાચાર્યે ભાવિકને સમજાવતા કહ્યું, 'ત્યાં જ આપે ભૂલ કરી છે. માણસ પાસે બે મન છે.... કયારેક એક વસ્તુ અનીતિથી મેળવવા તમારું મન વિચાર કરે એછે ત્યારે તરત જ બીજું મન તમને સૂચના આપે છે કે 'આમ ન કરાય. આ ખોટી રીતે વસ્તુ મેળવવામાં મજા નથી. આમ દરેક માણસને બે મન આપેલા જ છે.' ભાવિકે કહ્યું, 'આપની વાત સાચી છે કયારેક કયારેક એવું બને છે.' વલ્લભાચાર્યે કહ્યું, 'જુઓ, પાડોશીને ત્યાં આંબા પર ઉગેલી કેરી પાડવાનું મન થાય ત્યારે બીજું મન તમને તરત જ ના પાડે છે કે, કેરીની ચોરી ન કરાય... આથી જ હું ભારપૂર્વક કહું છું કે મનને મનથી જીતો.' મનની ખોટી વૃત્તિઓ પર જે સંયમ મૂકે તે જીતે. શ્રીકૃષ્ણ પણ કહે છે, 'કટ્ટર દુશ્મન ને જીતવો સહેલો છે. પરંતુ સ્વભાવને જીતવો મુશ્કેલ છે.'

# શાણપણ અને બાળપણની સુરક્ષા અનિવાર્ય

**તંત્રીસ્થાનેથી...**

કોરોના, કોરોના, કોરોના... શ્રદ્ધાળુઓ ભક્તો ઈષ્ટદેવના નામની માળા જપતાં થાકશે પણ મીડિયા કોરોનાનું કે કોરોના મીડિયાનું પૂંછડું નહીં છોડે. કોરોનાએ જનજીવનને વેરવિખેર કરી દીધું છે. માણસને માણસમાં વિશ્વાસ નથી રહ્યો. મહેમાનો અળખામણા બની ગયા છે. નાનકડાં માળામાં પંખી એનાં બચ્ચાને હૂંફ આપતું બેસી રહે એમ માતાપિતા પોતાનાં બાળકો અને અનિવાર્યપણે જવાબદારી આવી પડી હોય ત્યારે લોકલાજ ખાતર વડીલ સ્વજનોને સાચવીને બેસી રહ્યાં છે. કામધંધે જનારને રોજીરોટી ખાતર ઘર બહાર નીકળવું પડે છે તે એની મજબૂરી છે; પણ ધંધાના સ્થળે પહોંચે છે ત્યારે કે ત્યાંથી પરત પોતાના પરસેવાની કમાણીમાંથી બનાવેલા ઘરમાં પ્રવેશે છે ત્યારે એ એક પ્રકારની ઊંડી લાચારી અને મૂંઝવણ અનુભવે છે. દારની ગંધવાળા સેનિટાઈઝર સાથે સાચા વૈષ્ણવને કે પાક મુસલમાનને આઠે પહોર હરવાફરવાની પ્રકૃતિએ આકરી સજા ફરમાવી છે. કુરાનમાં તો દારૂનું ટીપું અડકી ગયું હોય તો એટલી ચામડી ઊતરડી નાખવાનું ફરમાન છે. પરંતુ વિજ્ઞાન એ વિજ્ઞાન છે. એ ભગવાન નથી, કબૂલ; પરંતુ ભગવાનથી કમ પણ નથી. કોરોનાના નવા વાઈરસ 'નોવેલ કોરોના વાઈરસ'થી આખી દુનિયા ત્રાહિમામ પોકારી ગઈ છે તયારે એનાથી બચવાના સીધાસાદા ઉપાયો - વારંવાર ફીણ પેદા કરનારા સાબુથી હાથ ધોવા, સેનિટાઈઝર ચોપડ્યે રાખવું અને મોઢે મુખવટો બાંધી કોઈ પણ વ્યક્તિથી બે ગજના અંતરે રહેવું - એનો અમલ આ કીડિયારા જેવા હિંદુસ્તાનમાં આંશિક રીતે જ શક્ય છે. એમાં પણ નાનાં બાળકો પર આવા બંધન લાદવામાં રહેલી ક્રૂરતા એમના માનસિક અને શારીરિક વિકાસમાં અડચણરૂપ બની શકે છે. બાળકોને શાળાએ જવાનું ગમે છે. ત્યાં એમને એમની ઉંમરના મિત્રો મળે છે, રમવા મળે છે, મધ્યાહન ભોજન જમવાનું મળે છે. પરંતુ કોરોના નામની ડાકણ તો શિકાર શોધતી જ ફરે છે. એ ઓછી રોગપ્રતિકાર શક્તિ ધરાવતા અન્ય દર્દોથી પીડાતા લોકોને, ઉંમરલાયક વડીલોને અને નાનાં બાળકોને બહુ જલ્દી ઝપેટમાં લઈ શકે છે. વડીલોને તો સમજાવી પટાવીને બાંકડે બેસતા બંધ કરી શકાય, પણ બાળકને શેરીમાં દોડી જતું અટકાવવું ઘણું અઘરું છે. સરકારને દેશના શાણપણ અને બાળપણ બેઉની ચિંતા છે. એથી એ વિવિધ તજજ્ઞોની સલાહ મુજબ કોરોનાના કેરથી આ બે વર્ગોને બચાવવા કૃતસંકલ્પ છે. બાળપણ અને શાણપણની સુરક્ષા માટે સરકાર કે સમાજ જ કંઈ કરે તે ઓછું જ લેખાશે. તજજ્ઞ ડૉકટરો પણ સ્વીકારે છે કે કોરોનાથી સંપૂર્ણ છૂટકારો કયારે થશે તે કહી શકાય એમ નથી. કોરોનાથી સંપૂર્ણ છુટકારો કયારે થશે તે કહીં શકાય એમ નથી. કોરોનાને પરાજિત કરવા વીર યોદ્ધાની જેમ હાકલ કરનારા વડાપ્રધાન પણ હવે કોરોના સામે હાથ જોડી ચૂક્યા છે. આ સંજોગોમાં કેન્દ્ર સરકાર બાળકો પૂરતો શાળાઓ સંદર્ભે જે નિર્ણય લેવાનું વિચારી રહી છે તે ઘણું આવકારદાયક છે. ઑકટોબર સુધી શાળાઓ ચાલુ નહીં કરવાના સંકેતો બાળકો માથે ઝઝૂમતા કોરોનાના જોખમ સામે જરૂર એક રક્ષાકવચ બની રહેશે. દિલ્હી સરકારે બાળકોના અભ્યાસક્રમને અડધોઅડધ ઘટાડવાનો નિર્ણય કર્યો છે તે પણ આવકારદાયક છે. સીબીએસઈની પરીક્ષાઓ અંગે લેવાયેલ નિર્ણયથી બાળકો કારકિર્દી મુદ્દે મૂંઝવણમાં જરૂર મુકાયાં હશે, પરંતુ બધાએ એક વાત સ્વીકારવી જ રહી કે કારકિર્દી કરતાં સ્વસ્થ જિંદગી વધારે મહત્ત્વની છે. કેટલાક અલેલપ્પુઓ કોરોના જાણે કશું છે જ નહીં, એ ફક્ત ફાર્મા કંપનીઓની કમાણી માટેની સંકલ્પના છે, એવો પ્રચાર કરી લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે, તો વળી રામદેવબાબા જેવા શરદી-ખાંસીની આયુર્વેદિક દવાઓનું મિક્સ-અપ 'કોરોનિલ'ના રૂપકડા નામે બજારમાં મૂકી અઢળખ નાણાં કમાઈ લેવાની તક શોધી રહ્યા છે. હકીકત એ છે કે વાઈરસ માટે કોઈ રામબાણ ઈલાજ છે જ નહીં. રસી માટે બધા દેશોમાં ધમધોકાર પ્રયોગો શરૂ થયા છે. બની શકે કે એ રસી બજારમાં મુકાય એ પહેલાં ડાહ્યુંડમરું કોરોના જાતે જ ઉચાળા ભરી જાય!

# સમજ આપણાં હાથમાં ને સાથમાં હોય છે!



**આરપાર**
**રાઘવજી માધડ**

ઘોર અંધારી,વરસાદી રાતે વિહવળ થઈ આવેલા તુલસીદાસને પત્ની રત્નાવલિ કહે છે:'આવો પ્રેમ પ્રભુ પ્રત્યે રાખોતો ભવ સુધરી જાય..!'દાસને જીવનનું તથ્યને સત્ય સમજાય ગયું.મહાત્માનું પદ પામ્યા. મુદ્દો પ્રજ્ઞા,સમજ હતો.કોઈને ગત લેખનું,જમ ખોરડું ભાળી ન જાય..એ સમજ ન આવ્યું.આ કોરોનાના લીધે જમ ખોરડાં ભાળી ગયું.ટેવ પડી ગઈ.તેથી દરરોજ માણસનાં જીવ લઈ જાય છે ! આપણી વાત છે,ઓન લાઈન એજ્યુકેશનની.હાલ સંજોગોમાં વૈકિલ્પક વ્યવસ્થારૂપે ઠીક છે.પણ કાયમી થવું ન જોઈએ. આજે ઘણાં વાલીએ દેવું કરી સેલફોન ખરીદ્યા છે.ક્યાંકથી કોઈ દીકરીનાં આપઘાતના સમાચાર વાંચવા મળે છે...હવે દહેશત દ્રઢાતી જાય છે કે લાંબાગાળે આના માઠા પરિણામ ભોગવવાની તૈયારી રાખવી પડશે !

વળી કોરાનાની સમજ હોવા છતાં, અનલોક પછી સંક્રમણ વધ્યું છે. થાય કે કોઈ ઊંઘમાં પથારી પલાળે..પણ જાગતાં, સમજતાં પથારીમાં દરિયો દોરે તેને શું કહેવું !? આપણી ઘણી સમજ તકવાદી અને તકલાદી હોય છે.સમજવું હોય એટલું જ સમજીએ છીએ,બાકીનું સમજતાં હોવા છતાં અજાણ રહીએ છીએ. હા,સમજમાં આવે એ બધું સ્વીકારવું,અમલમાં મૂકવું શક્ય ન પણ હોય.ઘણું મનમાં,અમુક શાનમાં અને વધારે પડતું ન સમજવામાં પણ સાર હોય છે. કયારેક કાંઈ સમજ્યા ન હોઈએ,ટપ્પો પડ્યો ન હોય છતાંય હા પાડી દઈએ છીએ ! પણ સૂઝ,સમજ ને આવડત ટાઢિયા તાવ જેવી,અંદરથી આવે.વળી આવે તો આવે, નહિતર જીવનભર ન આવે. અસમજ જેવાં અસત્યનાં ફકરા હોય, પણ સત્ય તો માત્ર એક લીટીનું...

આ સમજ નામનું તત્ત્વ ભારે છટકણું,બટકણું,ભટકણુંને લપસણું હોય છે.ઝટ દઈ ઝપટમાં કે પક્કડ માં ન આવે.છતાં ઘણાંને વહેમમાં રાખે:'મારામાં એટલી સમજ છે હો!'પણ ઘણું ક્ષણાર્ધમાં સમજાય જાય ને અમુક જીવનભર ન સમજાય.જેમ કે એક રીત સમજમાં ન આવે ને જિંદગીનો આખો દાખલો ખોટો પડે !

જે વિદ્યાર્થીઓ માસ-ક્લાસમાં સમજી કે સમજાવી શક્યા નથી તેમને હવે ઘરેઘરે જઈને સમજાવવાં જવાનું ઊભું થયું લાગે છે ! હા,ભલે સમજમાં આવે કે ન આવે પણ કાંઈક કામતો લેવું,કરાવવું ને..!? હાલ તો જે થશે તે સારું થશે એવું ઈચ્છીએ..પણ આ બધું પછીથી તો અચૂક અટકવું ને આથમવું જોઈએ.

આ આપત્તિમાંથી પોતીકી સમજ અને સાવચેતી જ બચાવી શકે તેમ છે.બગલો પાણીમાંથી ચાંચ બહાર કાઢે ત્યારે ખપ પુરતો ખોરાક ગ્રહણ કરી,નકામું પાછું નાખી દે છે. ઘણી સમજમાં પણ આવું હોય છે.

આજે શિક્ષણ સંક્રાંતિકાળમાંથી પસાર થઈ રહ્યું છે.વાલીને બાળકનાં ભાવિની ચિંતા હોય તે સ્વા ભાવિક છે.પણ આ મુદ્દે કાચી-પાકી સમજને ચકાસવાનો સમય છે. કોઈ ભેગાં થઈ ભડકાવેતો ભડકવાનું ન હોય.બાળકને અસમજણનો પણ ભાર લાગે છે.બાળક માટે શિક્ષણ હોય પણ શિક્ષણ માટે બાળક નથી. વરસમાં વહેલાંમોડું થાયતો થાય...આકુળ-વ્યાકુળ કે ઉતાવળા થાવાની જરીકેય જરૂર નથી.બાળક ઘણું જાતે અને આપણી સાથે તે શીખતું,સમજતું હોય છે.પડોશમાં રહેતાં સહાધ્યાયીઓ સાથે પણ બેસ્ટ ને શ્રેષ્ઠ શીખી શકે.જીવનમાં આપણને બધું સ્કુલમાંથી જ શીખવા નથી મળ્યું...અનુભવને ચકાસશો કે તપાસશો એટલે ખ્યાલ આવશે...ઘણી સમજ તો આપણાં હાથમાં ને સાથમાં હોય છે !

છેલ્લે : સુખી થવાં,પત્નીને સમજવાનો પ્રયત્ન ઓછો કરવો ને પ્રેમ વધારે કરવો. જયારે પતિને હંમેશા સમજવાનો વધારેમાં વધારે પ્રયાસ કરવો...

http://raghavjimadhad.blogspot.com
email: ra_madhad13@yahoo.com

# ૨૧મી સદીનો સર્વવ્યાપી માનસિક રોગ : આત્મહત્યા



**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**

થોડા જ દિવસો પહેલા સુશાંતસિંહની આત્મહત્યાની ઘટનાએ આખા દેશના હૈયાઓમાં સંવેદનાની ભરતી લાવી દીધી હતી. ટી.વી ચેનલો પણ આ ઘટનાને યોગ્ય ન્યાય મળે એ માટે આ ઘટનાને સતત ચમકાવી રહી હતી પરંતુ સાવ અચાનક જ ટી.વીની તમામ ચેનલો પરથી સુશાંતસિંહ રાજપુતના સમાચારોનું ગાયબ થઈ જવું એ આત્મહત્યાથી પણ મોટું આશ્ચર્ય છે. એની પાછળ ક્યા પરિબળોની કેટલી તાકાત લાગેલી હશે તો એ તો મીડિયા જાણે ને તાકાત જાણે. સુશાંતસિંહની આત્મહત્યા એ માત્ર એક અભિનેતાની આત્મહત્યા નથી પણ સમગ્ર ભારતીય સામાજિક વ્યવસ્થાની નિષ્ફળતાનું પ્રતીક પણ છે. એની સાબિતી છે કે આજે પણ ભારતીય ફિલ્મી જગતમાં માફિયાઓ, આતંકીઆકાઓનું રાજ ચાલે છે. જેમાં અનેક પ્રતિભાશાળી અભિનેતા - અભિનેત્રીઓએ પોતાની આહૂતિઓ આપવી પડી છે.

એક પ્રતિભાસંપન્ન, ઊર્જાવાન યુવાન કે જેણે પચાસ સપનાઓ જોયેલા. અને એને પુરા કરવા એ સખત મહેનત કરતો હતો. પોતાની કલાથી સફળતાના શિખરે પહોંચનાર સુશાંતસિંહ રાજપુતની આત્મહત્યા આજના વૈશ્વિક કક્ષાએ પ્રસરેલા મૃત્યુના માહોલમાં પણ આખા દેશની આંખો ભીની કરી ગઈ છે. જેણે અદભુત ફિલ્મોના અભિનય દ્વારા ભારતીય યુવાનોને સંઘર્ષ સામે લડવાની પ્રેરણા પુરી પાડી હતી. જીવનને સમજવાની નવી દિશા અને દૃષ્ટિ આપી હતી. જેના ચહેરા પર સદાયે તાજુંસ્મિત ચમકતું રહેતું હતું. તે યુવાન સુશાંતસિંહ અચાનક કેમ શાંત થઈ ગયો ?

આ આત્મહત્યાએ આપણી સામે અનેક પ્રશ્નો ખડા કરી દીધા છે. માત્ર આર્થિક સમૃદ્ધિ, સુખ સગવડતા, સત્તા કે પ્રતિષ્ઠાથી જ જીવન નથી જીવી શકાતું, આ બધા તો જીવનના બાહ્ય ચમકતા આવરણો છે. બાકી સાચું જીવન જીવવા માટેતો ''મન''ની શાંતિ જરૂરી છે. જે કદાચ આ યુગમાં પ્રત્યેક માણસ ધીમે ધીમે ગુમાવી રહ્યો છે. આજે આપણે સુખ, સંપતિ, સમૃદ્ધિ, સત્તા ... બધું જ મેળવતા જઈએ છીએ. પણ મનની શાંતિ ગુમાવતા જઈએ છીએ. આજે આપણે હજારો, લાખો લોકોની સાથે હસી શકીએ છીએ. પાર્ટી મનાવી શકીએ છીએ. પણ કોઈના ખોળામાં માથું રાખીને રડી શકાય એવું કોઈ પાત્ર આપણા જીવનમાં નથી. આ ખાલિપો દુનિયાનું સૌથી મોટું અવ્યક્ત દુઃખ છે. પરિસ્થિતિવશ માણસ એકલો ગમે તેટલા વર્ષ રહી શકશે. પણ મનથી એકલો નહીં રહી શકે, એ આમ જ ઘણીવખત એકાંતથી ટેવાઈ ગયેલો માણસ એકલતા સહન ના કરી શકતા આત્મહત્યા કરવા પ્રેરાય છે.

આપણી આસપાસ પણ ઘણા એવા લોકો હશે. જેઓ બહારથી ખુબ જ સક્ષમ, સમૃદ્ધ અને મજબૂત લાગતા હશે. પણ ખરેખર તેઓ અંદરથી વારંવાર તૂટતા જતા હોય છે અને જાતે જ મોટીવેટ થઈને મજબૂત થઈને જીવતા હોય છે. છતાંય ક્યારેક જીવનમાં એકાદ ક્ષણ એવી આવતી હોય છે કે તેઓ એ ક્ષણે હારી જાય છે. જાતે મોટીવેટ થઈ શકતા નથી. કોઈનો સંહારો, કોઈની હૂંફ ઈચ્છતા હોય છે અને એ નહી મળતા આત્મહત્યા કરી બેસે છે. આ રીતે સુશાંતસિંહની આત્મહત્યા વિશેષ પીડાદાયક છે. કેમ કે તે એક સ્વપ્રશીલ યુવક હતો, આજના સમયે કોઈપણ યુવાનને એના જીવનના સ્વપ્ર વિશે પૂછીશું તો મોટાભાગના યુવાનો કંઈ જ જવાબ નહી આપી શકે. કેમ કે આજની પરિસ્થિતિએ, સામાજિક વ્યવસ્થાએ, રાજનીતિએ દેશના યુવાનોને સ્વપ્રહીન બનાવી દીધા છે. આજનો યુવાન ઈચ્છા હોવા છતાંય પરિસ્થિતિવશ નાનું કે મોટું સપનું જોઈ શકતો નથી. જ્યારે સુશાંતસિંહે તો પચાસ સપનાઓ જોયા હતા. ડાયરીમાં લખીને રાખ્યા હતા અને એને પુરા કરવા મહેનત કરતો હતો. પણ એની જીવનયાત્રા અધવચ્ચે જ અટકી ગઈ.


આ આત્મહત્યાનું એક સત્ય એ પણ હોઈ શકે કે માણસ માત્ર નિષ્ફળતાથી તૂટી જઈને, હારી જઈને આત્મહત્યા કરી લે છે એવું નથી. અત્યંત સફળતા, સિદ્ધિ, સમૃદ્ધિ પામીને પણ એકલતાથી આત્મહત્યા કરી બેસે છે. જો વ્યક્તિ એકલો શિખરે પહોંચે તો તે પણ આ સિદ્ધિ, સફળતાથી એકદમ હતાશામાં આવી જાય છે અને આત્મહત્યા કરી બેસે છે. કેમ કે માણસ જેમ દુ:ખ વહેંચીને હળવો થવા ઈચ્છે છે તેમ સુખમાં પણ તે કોઈનો સાથ, હૂંફ ઈચ્છતો હોય છે. દુ:ખની જેમ સુખની અભિવ્યક્તિ પણ વ્યક્તિને હળવી બનાવે છે. સુશાંતસિંહ આર્થિક રીતે સમૃદ્ધ હતો જ. બધી જ સુખ સાહ્યબી એને હતી. છતાંય મનનો એક ખૂણો ખાલી હતો. જે એને માનસિક રીતે સ્વસ્થ બનાવી શકે એવું કોઈ પાત્ર નહોતું. એવી કોઈ પ્રેરણા નહોતી. લાખો, કરોડો એના ચાહકો હતા. છતાંય ચાહતના ચક્રવ્યુહમાંથી એ બહાર ના નીકળી શક્યો. અને એના જીવનમાં જે પાત્રો આવ્યા તે તેની આંતરિક સમૃદ્ધિ જોઈને નહીં પણ બાહ્ય સમૃદ્ધિ જોઈને આકર્ષિત થઈને આવીને ગયા છે.

સુશાંતસિંહે ચન્દ્ર પર જમીન પણ ખરીદી હતી. પોતાનો એક પ્લોટ નોંધાવી દીધો હતો. જ્યારે આજે ૩૩/૩૪ વર્ષનો યુવાન છેક ચન્દ્ર પર ઘર બનાવવાનું વિચારે એ કેટલું ઊર્જાવાન, સકારાત્મક હશે. એના ઘરમાં મોટું વિશાળ ટેલિસ્કોપ હોય જેમાંથી તે દરરોજ આકાશને, તારાઓને, ચન્દ્રને ખુબ જ નજીકથી જોતો હોય... આવા યુવાનો આજે કેટલા ? આકાશને જોનાર વ્યક્તિનું હદય કેટલું વિશાળ હશે ? અને આવી વ્યક્તિએ જ્યારે કોઈના દબાણવશ આત્મહત્યા કરવી પડે એ સમગ્ર માનવતાનું મહાકલંક છે. રાજનીતિની જેમ ફિલ્મીજગતમાં પણ પરિવારવાદ, સગાવાદ ચાલે છે. કોઈ કોઈના એકચક્રી સામ્રાજ્યો ચાલે છે. નવા કલાકારોને આગળ આવવા માટે મહાસંઘર્ષ કરવો પડે છે. સફળતા મળે છે તો પણ આત્મહત્યા સુધી ખેંચી જાય એવી સ્થિતિ બનાવી અહીં ભોગ લેવાય છે. અને આમ છતાંય આપણે સૌ થોડા દિવસો દુ:ખી થઈને વળી પાછા એ જ ઘરેડમાં આવી જઈએ છીએ.

હવેના યુગમાં માનસિક ડિપ્રેશન વધતું જવાનું છે. સમગ્ર વૈશ્વિક પરિસ્થિતિ આવી સ્થિતિનું નિર્માણ કરી રહી છે. કોરોના જેવી અનેક ઘટનાઓ હવે ઘટવાની. મહામારી, મહાયુદ્ધો, મહામંદી ચારેતરફ હાહાકાર મચાવશે. આજના યુવાનોને એ ખબર જ નહીં પડે કે પોતાના જીવનમાં પોતે શું કરવું? સોશિયલ મીડિયાને કારણે આજે સંબંધો તૂટવા લાગ્યા છે. જેને કારણે અનેક પરિવારો તૂટ્યા છે. બાળકો, કિશોરો, યુવાનોની સામે કોઈ યોગ્ય દિશા જ રહી નથી. બદલાતી શિક્ષણ પ્રથા પણ આ માનસિક હેડેકનું એક કારણ બને છે. વધતી જતી બેકારીને કારણે અનેક યુવાનો અશાંત બની રહયા છે. રાજનીતિ એની પરાકાષ્ઠાએ છે. આવી નકારાત્મક પરિસ્થિતિને કારણે આજે વાતાવરણ પણ મૃત્યુનો માહોલ બનાવી રહ્યું છે. ત્યારે આજની આ સ્થિતિએ દરેક યુવાનોએ, વ્યક્તિઓએ ખુબ જ સાવધાનીથી રહેવું પડશે. માનસિક સ્થિતિનું સંતૂલન રાખવું પડશે. હજીયે આનાથી વધારે વિકટ સમય અને સંજોગો બની શકે છે. પ્રત્યેક વ્યક્તિએ માનસિક રીતે સક્ષમ બનવું પડશે. કેમ કે આ વર્ષ પ્રકૃત્તિનું છે. પૃથ્વી ઉપર માનવજાતે પ્રકૃત્તિનું સંતૂલન બગાડી નાખ્યું છે. તેને પ્રકૃત્તિ અત્યારે પોતાનું સંતૂલન ઠીક કરી રહી છે, તેથી આ વર્ષે કોરોના કે સૂનામી કે ભૂકંપ કે વિશ્વયુદ્ધ જેવી ઘટનાઓ ઘટવાની પુરેપુરી સંભાવનાઓ છે. તેથી આવા સમયે બને ત્યાં સુધી શાંત મન રાખી જાતને સંભાળીને રહેશે એ જ કોરોના જેવી મહામારી કે આવનારી બીજી અનેક આફતોને માત આપી શકશે. પુરાણો અને ઈતિહાસોમાં જ્યારે જ્યારે મહા પરિવર્તનો આવ્યા છે ત્યારે ત્યારે મહા વિનાશ પણ થયો છે. અત્યારે આવા સમયમાંથી આપણે સૌ પસાર થઈ રહ્યા છીએ. બસ, આ મહાકાળ હવે પૂર્ણ થવામાં જ છે. નવો સમય, નવી દુનિયા અને નવી માનસિકતાનો વૈશ્વિક રીતે આરંભ થશે.

- 9426060601.india@gmail.com

# એલન મસ્ક : બિઝનેસમેન ઓછો... ટેક્નોલોજિસ્ટ વધુ...!!!



**રજળપાટ**
**અજય ઉપાધ્યાય**

એમને એમ લાગેલું કે આપણે કઈક વધુ પડતાં જ બુદ્ધિશાળી છીએ એટ્લે એમણે તો કરાવ્યો એપ્ટિટ્યૂટ ટેસ્ટ...તો રિઝલ્ટ આવ્યું ૧૫૫...બોલે તો હાઈલી અક્કલમંદ ! ... અઢળક પૈસા અને પ્રિસિધ્ધિ હોવા છતાં એ માણસ અઠવાડિયાના ૮૦ કલાક કામ કરવામાં કોઈ જ પ્રકારની બાંધછોડ નથી કરતો એટલું જ નહીં પણ બીજા પણ આટલું જ હાર્ડવર્ક કરે એવું ઈચ્છે છે.... એમનું સ્વપ્ર છે કે ભવિષ્યમાં પૃથ્વી પર જગ્યાની તંગી ઉદભવે તો વી ધ પીપલ રહેશું ક્યાં ? એટ્લે એનો જવાબ પણ એમણે જ શોધી કાઢ્યો છે કે મંગળ એક એવો ગ્રહ છે જ્યાં ભવિષ્યમાં પબ્લિક ગોઠવાઈ શકે એમ છે...ખાલી મંગળ જ શું કામ ? એમની તો યોજના છે કે મંગળની સાથે સાથે ચંદ્ર પર પણ માણસો અને માલસામાન મોકલી શકાવો જોઈએ...!!! ...આવા તમને ને મને વિચિત્ર લાગતાં વિચારોને સાકાર કરવા માટે પંકાયેલા આ જીનીયસનું નામ છે એલન મસ્ક...અને આજે ૨૮ જૂને આ ટેક્નોસાવી એન્ટરપ્રેનર જન્મેલો...!

એપ્ટિટ્યૂટ ટેસ્ટના રિઝલ્ટને સાચું પાડવું હોય એમ એલનની જીવનયાત્રા જ ધમાકેદાર રીતે શરૂ થઈ હતી એમ કહી શકાય. ૧૯૭૧માં દક્ષિણ આફ્રિકામાં જન્મેલા એલન ના માતા કેનેડીયન મૂળની મોડેલ અને પિતા બ્રિટિશ એંજિનિયર હતા પણ એલનના જન્મના ૧૦માં વર્ષે માતા પિતા છૂટા પડ્યા અને એલને પિતા સાથે પ્રિટોરિયામાં રહેવાનુ નક્કી કર્યું જો કે પાછળથી એણે પિતાનો સાથ એમ કહીને છોડી દીધો કે એ તો એક 'ભયાનક ઈન્સાન 'હતા. કેમકે તલાકના પ્રતાપે સાચવવા પડેલા બાળકોને પિતા બરાબર સાચવી ના શક્યા. ઉપેક્ષાના શિકાર એલને આ દુખને ભૂલવા કોમ્પ્યુટર સાથે દોસ્તી વધારી દીધી. રમવા કુદવાની ઉમરમાં એલન કોમ્પ્યુટર અને પુસ્તકો સાથે વધુ સમય વિતાવતો ગયો અને આ દોસ્તી એટલી ગાઢ બની ગઈ કે એલન પોતાની જાતે જ પ્રોગ્રામિંગ પણ શીખી ગયા એટલું જ નહીં પણ ૧૨ વર્ષની નાની ઉમરે જ એલને એક બેઝિક વિડિયોગેમ અને એનો કોડ (સૉફ્ટવેર) બનાવી લીધેલો. પણ આ તો લોહીમાં જ ઉદ્યોગસાહસિકતાના ડીએનએ લઈને જન્મેલો એટ્લે આ કોડ ભાઈએ બ્લાસ્ટર ટુ પીસી અને ઓફિસ મેગેઝીનને ૫૦૦ ડોલરમાં વેચીને સ્કૂલની ફી ભરી દીધી...!

ટેલેન્ટ હોય એટ્લે ઈર્ષાળુ પણ હોવાના જ ને ? આવી એક્સ્ટ્રા ઓર્ડિનરી અક્કલમંદીના ધણી એલનને સ્કૂલમાં ઈર્ષ્યાનો સામનો કરવો પડ્યો એટલું જ નહિ પણ મારપીટ પણ સહન કરવી પડી. આવી જ એક ભયાનક મારપીટમાં એલન સીડીઓથી નીચે પડી ગયો અને માથામાં ચોટ લાગવાને લીધે દવાખાને અને પછીથી યાદદાસ્ત ખોઈ બેઠો.રોજબરોજની ચીજો યાદ નહોતી રહેતી એમાં કોમ્પ્યુટર અને વાંચવાનું તો ક્યાથી મગજમાં ઘૂસે ? જેમતેમ સ્કૂલ તો પૂરી કરી, ઘણા દિવસો આવું ચાલ્યું જો કે ભગવાનનો આભાર કે યાદદાસ્ત તો પાછી આવી ગઈ. ૧૭ વર્ષે આફ્રિકન સેનામાં ફરજિયાત શિક્ષણ લેવાના કાયદાથી બચવા માટે એલન કેનેડા જતો રહ્યો અને ત્યાં યુનિવર્સિટીમાં દાખલ થયો. હવે એ કેનેડાનો નાગરિક બની ગયેલો જો કે ફિઝીક્સ અને બિઝનેસના ઉચ્ચ અભ્યાસ માટે કેનેડાથી પેન્સિલ્વિનિયા અમેરિકા આવ્યો અને ફિઝીક્સમાં જ પીએચડી માટે કેલિફોર્નિયા ચાલ્યો ગયો. બસ અહીથી જ એલનમાં રહેલા ટેક્નોક્રેટ અને ઉધ્યોગસાહસિકતાના ઊંચા ચડાણ ચાલુ થયા.

૧૯૯૫માં ભાઈ સાથે મળીને પહેલી કંપની લોન્ચ કરી જેનું નામ હતું 'જીપ૨ કોર્પોરેશન'આ કંપની ઓનલાઈન પબ્લિશિંગ સોફ્ટવેર બનાવતી હતી અને આ સોફ્ટવેરનો ઉપયોગ મોટાભાગે મીડિયા ઈન્ડસ્ટ્રી કરતી હતી.. ધીમે ધીમે કંપનીમાં રોકાણકારોએ મળતા ગયા અને કંપની પ્રગતિ કરતી થઈ ગઈ. કંપનીની સ્થાપનાને ચાર જ વર્ષમાં ૧૯૯૯માં કોમ્પ્યુટર બનાવનાર કંપની કોમ્પેકને પોતાની કંપની જિપ-૨, વેચી મારી. આ સોદો હતો ૩૦૦ મિલિયન ડોલર (લગભગ ૨૦ અરબ રૂપિયા)થી પણ વધારે રકમનો અને માત્ર ૩૦ જ વર્ષમાં એલન અબજોપતિ બની ગયો. છેલ્લા થોડા વર્ષોથી સ્ટાર્ટઅપની બોલબાલા છે એવામાં એલન મસ્કનું આ સ્ટાર્ટઅપ અત્યારે વિશ્વભરમાં ગાજે છે.આવું જ એક બીજું સ્ટાર્ટઅપ એલને ૧૯૯૯ પછી કર્યું. તેણે એક્સ.કોમ નામની ઓનલાઈન ફાયનાન્સ કંપની ખોલી કે જેનું પછીથી 'પેપાલ 'કે 'પેપલ 'એવું નામ થયું અને જે હજુ પણ ચાલુ છે. મસ્કે ઈલેક્ટ્રિક કારના ઉત્પાદન માટે જાણીતી કંપની ટેસ્લા મોટર્સની ૨૦૦૩માં સ્થાપના કરી. આજે ટેસ્લા આગળ પડતું નામ છે. એલને ટેસ્લા શરૂ કરતાં જ પેટ્રોલ-ડિઝલ વગર માત્ર ઈલેકટ્રિસિટીથી ચાલતી ગાડીઓ બનાવીને દુનિયાને ચકિત કરી દીધી. ટેસ્લાની સફળતા જોતાં જ જગુઆર અને જનરલ મોટર્સ જેવી દિગ્ગજ કંપનીઓએ પણ જાહેરાત કરવી પડી કે અમે પણ ઈલેક્ટ્રીક કાર બનાવશુ. ટેસ્લા આજે કાર બનાવતી વિશ્વની સૌથી વધુ એક્સાઈટિંગ કંપની ગણાય છે. હમણાં ચીનમાં ટેસ્લાની પહેલી વિદેશી ફેક્ટરીના ભૂમિપૂજન માટે ગયેલા એલનને ચીને ગ્રીનકાર્ડની ઓફર પણ કરી દીધેલી જો કે એલન ઓલરેડી અમેરિકા, કેનેડા અને સાઉથ આફ્રિકાની નાગરિકતા ધરાવે જ છે.

સિલિકોન વેલી એ હમેશા સાહસિકોનો સાથ આપ્યો છે એમાએ એલન તો અગાઉ સફળ સ્ટાર્ટઅપ કરીચૂકલો ઈન્સાન અને ઉપરથી જબરદસ્ત ટેક્નોક્રેઝી અને હિમ્મતવાન ઉધ્યોગસાહસિક. અવકાશીક્ષેત્રે આવનારા સંભવિત ફાયદાઓને નજરમાં રાખીને એલને વિશ્વના સૌથી આધુનિક રોકેટ અને સ્પેસક્રાઇટની ડિઝાઈન, ઉત્પાદન અને લોંચિંગના હેતુથી આજથી ૧૮ વર્ષ પહેલા ૨૦૦૨માં સ્પેસ એક્સ નામની કંપની સ્થાપી હતી. આ કંપની એવા રોકેટ બનાવે છે કે જેના વડે ઈન્ટરનેશનલ સ્પેસસ્ટેશન નામની કાયમી અવકાશી મથકમાં કામ કરતાં અવકાશયાત્રીઓ માટે જરૂરી માલસામાન પૃથ્વી પરથી ત્યાં મોકલી શકાય છે. અમેરિકાની અને દુનિયાની ટોચની અવકાશસંસ્થા નાસા પણ સ્પેસ-એક્સને આવા કોંટ્રેક્ટ આપે છે. માર્ચ ૨૦૧૮ સુધીમાં સ્પેસએક્સ કંપનીએ આશરે ૧૦૦ જેટલા ઉપગ્રહોને અવકાશી ભ્રમણકક્ષામાં તરતા મુકવાના કોન્ટ્રાક્ટ મળ્યા હતા. એમાએ તાજેતરમાં જ આ કંપનીએ 'નાસા'ના બે અવકાશયાત્રીઓ - બોબ બેનકેન અને ડગ હર્લીને સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં પહોંચાડવાની સાથે ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. મતલબ કે ૨૦૧૧ પછીથી અમેરિકન ધરતી પરથી અને અમેરિકન રોકેટના સહારે અવકાશયાત્રીઓ ગગનમાં પહોચ્યા હોય એવો પહેલો બનાવ બન્યો છે. આનું એક બીજું મહત્વ એ પણ છે કે સ્પેસએક્સ વિશ્વની એવી પહેલી ખાનગી કંપની બની છે કે, જેણે સમાનવ યાનને અંતરીક્ષમાં મોકલ્યું હોય. અત્યાર સુધી માત્ર અમેરિકા, રશિયા અને ચીનની સરકારોએ જ સમાનવ યાનને અંતરીક્ષમાં મોકલ્યા હતા. સ્પેસએક્સનું હવે પછીનું લક્ષ્ય મંગળ અને અન્ય ગ્રહો પર માનવજાતને વિકસાવવાનું છે. એલન મસ્ક લાંબા ગાળાનું વિચારીને મંગળ ગ્રહ પર માનવવસાહત ઉભી કરવાનું વિચારી રહ્યાં છે. એટલું જ નહીં પણ ટોમ ક્રૂઝ પોતાની આગામી એક્શન - એડવેંચર ફિલ્મનુ એલન અને નાસાના સહયોગથી અવકાશમાં શૂટિંગ કરવા ધારે છે.એલનની ઓર એક કંપની સોલર સિટી ઈકો ફ્રેન્ડલી એનર્જી અને એનર્જી સ્ટોરેજના ક્ષેત્રમાં કામ કરે છે તો હાલમાં એલન હાઈપરલૂપ નામની ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ વિકસાવી રહ્યાં છે જેના દ્વારા લોકો એક જગ્યાથી બીજી જગ્યાએ રોકેટની સ્પિડથી યાત્રા કરી શકશે. ટેક્નોલૉજીથી માનવજાત અને દુનિયાને કેટલી સરળ અને રોચક બનાવી શકાય એ એલનના આ પ્રયાસોમાં દેખાઈ આવે છે. એટ્લે જ તો ન્યૂયોર્ક ટાઈમ્સે મસ્કને 'આર્ગ્યુએલબી ધ મોસ્ટ સક્સેસફુલ એન્ડ ઈમ્પોર્ટન્ટ એન્ટ્રોપ્રિન્યોર ઈન ધ વર્લ્ડ' ગણાવેલો.